લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના

# દર્પણ

- District 3232-B3
- Club No. 142202
- Zone-1
- LY 2026-27

OCTOBER 2026



લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-બીૈ૩
દ્વારા પ્રેસિડેન્ટ્સ બેન્કવેટનું આયોજન



## અંતરના ઓવારેથી..



વ્હાલી ફેમિના સખીઓ,

સ્નેહાદર નમસ્તે,

વરસાદની સુંદર ઋતુ અને તહેવારોની ઉંમગભરી ક્ષણો માણ્યા બાદ, આપણે વિઘ્નહર્તા શ્રી ગણેશજીનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું અને ત્યારબાદ ભાવભીનું વિસર્જન કર્યું. ગણેશ વિસર્જન એ કેવળ એક ધાર્મિક વિધિ નથી, પરંતુ એક સાંકેતિક સંદેશ છે. આપણે આપણા જીવનમાં સદ્‌ગુણોનું આચરણ કરવાનો સંકલ્પ કરીએ અને દુર્ગુણોનું વિસર્જન કરીએ. હવે પિતૃપક્ષ આવી રહ્યો છે, ત્યારે પાવન આશીર્વાદ મેળવીને આપણે શ્રેષ્ઠ કાર્ય તરફ આગળ વધીએ.

ચાલુ માસ દરમિયાન આપણી ક્લબ દ્વારા વિઝન, મેડિકલ તેમજ ફિઝિયોથેરાપી કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું. આ સાથે જ ગાંધીનગર શહેરમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બનેલી ૪૦ વર્ષથી વધુ વયની સીનિયર બહેનો માટેની ગરબા સ્પર્ધા 'રાસ–રંગ' ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે સંપન્ન થઈ. ફેમિના ક્લબના ઉત્કૃષ્ઠ આયોજન અને સુચારુ વ્યવસ્થાપનની સમગ્ર ગાંધીનગર શહેર તથા તેના પ્રબુદ્ધ નાગરિકો દ્વારા ભારે પ્રશંસા કરવામાં આવી રંગબેરંગી પરંપરાગત પરિધાનમાં ગરબે ઘૂમતી સીનિયર સીનિયર બહેનોને જોવાનો લ્હાવો ખરેખર અદ્‌ભૂત અને અનેરો હતો.

હવે આદ્યશક્તિની આરાધનાનો પાવન પર્વ 'આસો નવરાત્રિ' સમીપ આવી રહ્યો છે અને આપ સૌ તેની તૈયારીઓમાં વ્યસ્ત હશો. જગતજનની માં અંબાના આશીર્વાદ આપણી સર્વની ઉપર વરસે તેવી પ્રાર્થના. નવરાત્રિ બાદ આપણે સૌ દિવાળી પર્વની ઉજવણી અને ખરીદીમાં જોડાશું. આ તહેવારો નિમિત્તે આપણે એક પર્યાવરણલક્ષી સંકલ્પ કરીએ... આપણા ઘરમાંથી નીકળતો 'ઈ–વેસ્ટ' એકત્ર કરી ફેમીના ક્લબના માધ્યમથી તેનો યોગ્ય નિકાલ સેન્ટર સુધી પહોંચાડીએ, જેથી વૈજ્ઞાનિક ઢબે તેનો નિકાલ થાય અને આપણે વાતાવરણને પ્રદૂષણમુક્ત રાખવામાં આપણું યોગદાન આપી શકીએ.

સૌ સખીઓને મા અંબાના પાવન પર્વ નવરાત્રિની હાર્દિક શુભેચ્છાઓ !

**લા. જાગૃતિ વ્યાસ**
**પ્રમુખ**


**President** Lion Jagruti Vyas Mo. 98795 07482

**Secretary** Lion Sanju Gupta Mo. 99252 33418

## મંત્રીશ્રીની મહેક

**લા. સંજુ ગુપ્તા**



**૦૪ સપ્ટે.:** ચિલોડા ખાતે AFV રેસિડેન્સીમાં જન્માષ્ટમીની ઉજવણી, દહીહાંડી, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વિવિધ રમોતનું આયોજન સાથે ભક્તિભાવ પૂર્વક કરવામાં આવી.

**૦૫ સપ્ટે. :** રાસ–ગરબા સ્પર્ધાના આયોજન અંગે સે–૪ ગાર્ડન પાસે બેઠક યોજવામાં આવી. સભ્યો સાથે જરૂરી આયોજન અંગે ચર્ચા કરવામાં આવી.

**૦૬ સપ્ટે. :** અંબોડ ખાતે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૮૦ દર્દીઓનું ડાયાબિટીસ અને બીપીનું ચેકઅપ કરી જરૂરિયાતમંદોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

**૦૬ સપ્ટે. :** અંબોડ ખાતે વિઝન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. ૧૮૨ દર્દીઓને આંખોની તપાસ દરમિયાન જરૂરિયાત ધરાવતા ૬ દર્દીઓના મોતિયાના ઓપરેશન માટે વ્યવસ્થા કરવામાં આવી. ૧૪૫ દર્દીઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું.

**૦૬ સપ્ટે. :** ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨–બી૩ના પ્રેસિડેન્ટ બેન્કવેટ કાર્યક્રમમાં પ્રેસિડેન્ટ જાગૃતિ વ્યાસ તથા તેમના જીવનસાથીએ હાજરી આપી સૌહાર્દપૂર્ણ ફેલોશિપના સાક્ષી રહ્યાં.

**૦૮ સપ્ટે. :** આપણા કાયમી પ્રોજેક્ટ ફિઝીયોથેરાપી સેન્ટર ખાતે 'ફિઝીયોથેરાપી ડે'ની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સેવા સાથે જોડાયેલા સૌનો ઉત્સાહ વધારવામાં આવ્યો.

**૦૮ સપ્ટે. :** આપણા ફિઝીયોથેરાપી સેન્ટર દ્વારા ફિઝીયોથેરાપી અને ઓર્થોપેડિક ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જરૂરિયાતમંદ દર્દીઓને નિષ્ણાત તબીબો દ્વારા તપાસ અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

**૦૯ સપ્ટે. :** યૌવના સંસ્થા અને લા. પલ્લવીબેન ગુપ્તેના સહયોગથી આદર્શ નિવાસી કન્યા શાળામાં વિદ્યાર્થીઓને સેનીટરી નેપકીનનું વિતરણ કરવામાં આવ્યું. ડીસી એડમિનીસ્ટ્રેશન લા. મમતાબેન રાવલ તથા પ્રમુખ લા. જાગૃતિબેન વ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતા અને સ્વસ્થ જીવન અંગે માર્ગદર્શન આપ્યું.

**૧૦ સપ્ટે. :** રાજવી ફૂડ કોર્ટ ખાતે બોર્ડ તથા જનરલ મીટીંગનું પ્રથમ, દ્વિતીય અને તૃતીય વાઈસ પ્રેસિડેન્ટના સહયોગથી આયોજન કરવામાં આવ્યું. જેમાં રાસરંગ ફેમીના ગરબા સ્પર્ધા અંગે ચર્ચા કરવામાં આવી. સપ્ટેમ્બર માસ દરમિયાન આવતા સભ્યોના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી. મીટીંગ દરમિયાન વિવિધ રમતો રમાડી સભ્યો સાથે આનંદમય સમય પણ વિતાવવામાં આવ્યો.

**૧૦ સપ્ટે. :** શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આપણા ક્લબ સાથે જોડાયેલ તમામ શિક્ષકોને સ્મૃતિચિન્હ અર્પણ કરી તેમના અમૂલ્ય યોગદાન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

**૧૧ સપ્ટે. :** સેક્ટર–૨૧ ખાતે મિતલ રાણા દ્વારા આપણા નવા કાયમી પ્રોજેક્ટ યોગા ક્લાસનો પ્રારંભ કરવામાં આવ્યો. સ્વસ્થ જીવનશૈલી તરફ એક સુંદર અને ઉપયોગી પગલું ભરવામાં આવ્યું.

**૧૧ સપ્ટે. :** સેક્ટર–૨૩ની આર. એન. પટેલ શાળામાં ડ્રગ અવેરનેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને નશાના દુષ્પ્રભાવોથી માહિતગાર કરી નશામુક્ત જીવન જીવવા માટે શપથ લેવડાવવામાં આવ્યાં.

**૧૨ સપ્ટે. :** સેક્ટર–૨૯ની સરકારી અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ શાળામાં બાળકો માટે આંખોની તપાસ તથા વિઝન સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

**૧૨ સપ્ટે. :** સેક્ટર–૨૦ની સરકારી શાળામાં બાળકો માટે આંખોની તપાસ તથા વિઝન સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. બાળકોના સારા સ્વાસ્થ્ય માટે આ સેવાકીય પ્રયાસ કરવામાં આવ્યો.

**૧૪ સપ્ટે. :** ગણેશ સ્થાપનાનો પવિત્ર કાર્યક્રમ ભક્તિભાવ અને આનંદ સાથે યોજવામાં આવ્યો. સૌ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શ્રી ગણેશજીના આશીર્વાદ મેળવ્યા.

**૧૫ સપ્ટે. :** એન્જિનિયર્સ ડેની ઉજવણી કરવામાં આવી. સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ઈજનેરોના અમૂલ્ય યોગદાનને બિરદાવવામાં આવ્યું.

**૧૭ સપ્ટે. :** સેક્ટર–૨૦ની સરકારી પ્રાથમિક શાળામાં લાયન ક્વેસ્ટના વર્ગનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ વર્ગમાં બાળકોમાં આત્મવિશ્વાસ, સકારાત્મક વિચારસરણી, જીવનકૌશલ્ય અને જવાબદારીની ભાવના વિકસે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

**૨૫ સપ્ટે. :** લાયન્સ ઈન્ટરનેશનલ, ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨–બી૩ દ્વારા જરૂરિયાતમંદ વિધવા મહિલાઓને સ્વરોજગાર અને આત્મનિર્ભર બનાવવા માટે માટે 'Embrace the Unfortunate' મહિલા સશક્તિકરણની પહેલ અંતર્ગત ૧૦૧ સિલાઈ મશીનોનું વિતરણ કરવામાં આવ્યું. આ સવાકીય પહેલમાં લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર ફેમિના દ્વારા ૩ સિલાઈ મશીનોનું યોગદાન આપવામાં આવ્યું.

**૨૬ સપ્ટે. :** LCIF (Lions Club International Foundation) સંપૂર્ણ ચુકવણી માટે લા. જાગૃતિ વ્યાસને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં.

**૨૬ સપ્ટે. :** જાગૃતિ વ્યાસે MJF (Melvin Jones Fellowship) માટે રૂા. ૩૫૦૦૦/–નું યોગદાન આપ્યું. જેના બદલામાં તેમને પ્રમાણપત્ર તથા પીનથી સન્માનિત કરવામાં આવ્યું.

**૨૬ સપ્ટે. :** ફેમિના ક્લબમાં ૫ નવા સભ્યોને જોડવા બદલ ઈન્ટરનેશનલ પીન તથા પ્રમાણપત્રથી સન્માન કરવામાં આવ્યું.

**૨૭ સપ્ટે. :** લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના દ્વારા ૪૦ વર્ષથી ઉપરની મહિલાઓ માટે ટાઉન હૉલ, સેક્ટર–૧૭, ગાંધીનગર ખાતે "રાસ રંગ" ફેમિના ગરબા ઉત્સવ–ગરબા સ્પર્ધાનું સતત બીજા વર્ષે આયોજન કરવામાં આવ્યું. જેને ભવ્ય સફળતા મળી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી લાયન એલ. કે. વાઘેલા તથા વિશિષ્ટ અતિથિ તરીકે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. આ ગરબા સ્પર્ધાનો કાર્યક્રમ ખુબ ધામધૂમથી યોજાયો હતો.

**૩૦ સપ્ટે. :** શ્રાધ્ધ પક્ષ નિમિત્તે પાયલબેન પુરોહિત તથા સહયોગથી "સમર્પણ બહેરા મૂક–બધિર શાળા" સેક્ટર–૨૮ ખાતે ૫૦ થી વધુ બાળકોને મિષ્ટાન ફરસાણ સહિતનું ભોજન કરાવ્યું.

## ખજાનચીની ખાસ વાત

**લા. બીના ચોક્સી**



મારી વ્હાલી ફેમિના બહેનો,

જય સ્વામિનારાયણ,

સપ્ટેમ્બર મહિનામાં ઘણા સુંદર સેવાકિય કાર્ય થયા. સાથે સાથે મહિલાઓનો લોકપ્રિય ગરબા કોમ્પિટિશન ખૂબ ભવ્યતાથી સંપન્ન કર્યો. આ કાર્યોમાં અદ્‌ભૂત દાન થકી સભ્યોએ ખૂબ સહયોગ આપ્યો. દિલથી ખૂબ આભાર માનું છું.



જય હિન્દ... જય લાયનવાદ...

# સપ્ટેમ્બર માસના કાર્યક્રમોની ઝલક



AFV રેસીડેન્સી ખાતે જન્માષ્ટમીની ઉજવણી



સે-૪ ખાતે પ્રિ-ગરબા કાર્યક્રમના આયોજન અંગે બેઠક



અંબોડ ખાતે કલાબા સત્સંગ હોલમાં બ્લડ પ્રેશર અને ડાયાબિટીશ તપાસ કેમ્પનું આયોજન



અંબોડ ખાતે કલાબા સત્સંગ હોલમાં દ્રષ્ટિ તપાસ (વિઝન) કેમ્પનું આયોજન



સરગાસણ ખાતે વિશ્વ ફિઝીયોથેરાપી દિવસની ઉજવણી નિમિત્તે કાયમી ફિઝીયોથેરાપી સેન્ટરમાં નિઃશુલ્ક ઓર્થોપેડિક અને ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન



આદર્શ નિવાસી કન્યાશાળા ખાતે વિદ્યાર્થિનીઓને સેનિટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું.



રાજવી ફૂડ કોર્ટ ખાતે બોર્ડ તથા જનરલ મિટીંગ સાથે સભ્યોના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી.

# સપ્ટેમ્બર માસના કાર્યક્રમોની ઝલક



શિક્ષક દિનની ઉજવણી - રાજવી ફૂડ કોર્ટ



એન્જીનીયરીંગ ડે ઉજવણી - રાજવી ફૂડ કોર્ટ



AFV રેસીડેન્સી ખાતે ગણેશ મહોત્સવની ઉજવણી





આર. એન. પટેલ વિદ્યાલય, કડી કેમ્પસ ખાતે વિદ્યાર્થીઓ માટે ડ્રગ અવેરનેશ કાર્યક્રમનું આયોજન







સેક્ટર-૨૯ અને સેક્ટર-૨૦ ની સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકોની આંખોની તપાસનું આયોજન





સેક્ટર-૨૦ની સરકારી શાળામાં વિદ્યાર્થીઓ માટે લાયન્સ ક્વેસ્ટ કાર્યક્રમનું આયોજન





મહિલા સશક્તિકરણ કાર્યક્રમ : સેક્ટર-૩, ચેહર માતા મંદિર, ૧૦૧ જરૂરિયાતમંદ વિધવા મહિલાઓને સિલાઈ મશીનનું વિતરણ







Lions International – LCIF Champions નું સન્માન તથા ૭૦ વર્ષ સેવા ઉજવણી : હોટલ હયાત, વસ્ત્રાપુર, અમદાવાદ

# સપ્ટેમ્બર માસના કાર્યક્રમોની ઝલક




મૂક-બધિર શાળા, સેક્ટર-૨૮ ખાતે બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી


















"રાસ રંગ" - લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના ગરબા ઉત્સવ

## દાનની સરવાણી...

### બર્થડે - એનવર્સરી નિમિત્તે

| | |
|---|---|
| લા. મીના ખંડેલવાલ | ૧૫૦૦ |
| લા. દીપાલી લાધાવાલા | ૨૧૦૦ |
| લા. સોનલ વાઘેલા | ૧૧૦૦ |
| લા. પ્રીતિ ગડકરી | ૧૦૦૧ |
| લા. મિતલ રાણા | ૧૦૦૦ |
| લા. પ્રીતિ કુલકર્ણી | ૨૫૦૦ |
| લા. ચારુ ટાંક | ૧૦૦૦ |
| લા. ચંદા યાદવ | ૫૧૦૦ |
| લા. પુનિતા પટેલ | ૧૫૦૦ |
| લા. જ્ઞાનદેવી ઉપાધ્યાય | ૧૧૦૦ |
| લા. પલ્લવી ગુપ્તે | ૧૦૦૦ |

### સિલાઈ મશીનના દાતાશ્રી

| | |
|---|---|
| લા. જ્યોતિબેન પંચાલ | ૫૦૦૦ |
| લા. કૂલસુમ હરસોલિયા | ૩૦૦૦ |
| લા. કવિતા બક્ષી | ૨૦૦૦ |
| લા. મમતાબેન રાવલ | ૨૦૦૦ |
| લા. જયશ્રીબેન રાવલ | ૨૦૦૦ |
| લા. અર્ચના દવે | ૨૦૦૦ |
| લા. ગાયત્રી વણઝારા | ૨૦૦૦ |
| લા. નીલીમા શાહ | ૩૦૦૦ |
| લા. ભારતી રાવલ | ૩૦૦૦ |
| લા. દીપ્તી જોશી | ૨૦૦૦ |
| લા. મીનાબેન ભટ્ટ | ૨૦૦૦ |
| લા. અંજલિ પુરોહિત | ૨૦૦૦ |
| લા. ગીતાબેન પટેલ | ૧૦૦૦ |

### ગરબા સ્પર્ધાના દાતાશ્રી

| | |
|---|---|
| લા. ઈલાબેન જોશી | ૨૪૦૦૦ |
| લા. કુસુમબેન જોશી (અ'વાદ) | ૧૧૦૦૦ |
| લા. ભાવનાબેન પંચાલ | ૧૧૦૦૦ |
| લા. કૂલસુમ હરસોલિયા | ૧૧૦૦૦ |
| લા. જાગૃતિ વ્યાસ | ૧૧૦૦૦ |
| લા. નેહલ ગઢવી (નમોસ્તુતે હોસ્પિટલ) | ૧૧૦૦૦ |
| ફ્લેમિંગો ટ્રાન્સ વર્લ્ડ | ૧૧૦૦૦ |
| કીઆ મોટર્સ | ૧૦૦૦૦ |
| લા. હેમાબેન પટેલ | ૮૦૦૦ |
| લા. ગીતાબેન પટેલ | ૫૧૦૦ |
| લા. મનીષા પટેલ | ૫૦૦૦ |
| લા. રાજુલ વ્યાસ | ૫૦૦૦ |
| લા. નીલીમા શાહ | ૫૦૦૦ |
| લા. ભારતી રાવલ | ૩૦૦૦ |
| લા. જાગૃતિ પટેલ | ૧૦૦૦ |

### ગરબા સ્પર્ધાના વિજેતાઓ

**પ્રથમ વિજેતા - મા વૃંદ**
ટ્રોફી + રૂા. ૧૧૦૦૦

**દ્વિતીય વિજેતા - સરગમ ગ્રુપ**
ટ્રોફી + રૂા. ૭૫૦૦

**તૃતીય વિજેતા - ગોલ્ડન વિંગ્સ ગ્રુપ**
ટ્રોફી + રૂા. ૫૫૦૦

**આશ્વાસન ઈનામ :** શ્રી આદ્યશક્તિ ગ્રુપ (રૂા.3000)
જય અંબે ગ્રુપ (રૂા.3000)

## પરિવારની વાત...

- ચાર્ટર પ્રેસિડેન્ટ અને DC એડમિનિસ્ટ્રેશન મમતાબેન રાવલે FDIની ટ્રેનિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી સર્ટિફિકેટ હાંસલ કરેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.
- લા. કાલિન્દી પરીખની દીકરી અભ્યાસઅર્થે યુ.કે. ગઈ. ખુબ ખુબ અભિનંદન.
- લા. સાધનાબેન અમેરિકાની મુલાકાતે ગયા. પ્રવાસ સફળ રહે તેવી શુભકામના.
- લા. બીના ચોક્સી દુબઈના પ્રવાસ પર ગયા છે. પ્રવાસ સફળ રહે તેવી શુભકામના.
- લા.સંજુ ગુપ્તાએ નવી કાર ખરીદી તે બદલ અભિનંદન.
- લા. ડિમ્પલ દેસાઈ પેરિસ ફરવા ગયા. પ્રવાસ સફળ રહે તેવી શુભકામના
- લા. જાગૃતિ વ્યાસ ૩૮% રકમ જમા કરાવી MJF બનવા તરફ એક પગલું આગળ વધ્યા છે.
- લા. ડિમ્પલબેન દેસાઈના સુપુત્ર નંદીશનો સંબંધ નક્કી થવા બદલ દેસાઈ પરિવાર અભિનંદન.
- લા. ઈલાબેન જોશીના ફાર્મ સત્વ વાટિકામાં ૨૦ ઓક્ટો. ના રોજ દશેરા નિમિત્તે સંસ્કૃત ગરબા કરવાનું આયોજન કરેલ છે.
- લા. ભૂમિબેન જોગાણીએ ૨૯ ઓક્ટોબરના રોજ સાંજે ૪ વાગે સેક્ટર-૨ના ગાર્ડનમાં કરવા ચોથની પૂજાનું આયોજન કરેલ છે સર્વેને પધારવા હાર્દિક આમંત્રણ છે.
- લા. રીટાબેન શાહ અમેરિકાથી પરત આવેલ છે.
- લા. પરાગી પંડ્યાના ભાઈનું દુ:ખદ અવસાન થયું. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

# ટેરો વિશે મારા દિલની વાત

**મેમ્બર્સ કોર્નર**
**પ્રિતી ગડકરી**
પરપલ ટેરોટ

"આ માત્ર એક માધ્યમ નથી, આ મારી આત્માની યાત્રા છે."

ટેરો રીડર તરીકેની મારી સફરમાં હું ઘણા બધા લોકોને મળી છું. ઘણા લોકો એવું વિચારે છે કે ટેરો તેમને તેમનું ચોક્કસ ભવિષ્ય બતાવી દેશે. પણ ટેરો ખૂબ જ અલગ અને સુંદર રીતે કામ કરે છે.

ટેરો તમને તમારી અત્યારની આસપાસની ઉર્જા બતાવે છે અને જો તમે આ જ રસ્તા પર ચાલતા રહેશો તો તમારું ભવિષ્ય કેવું હોઈ શકે છે તે બતાવે છે. તે તમને શક્યતાઓ, માર્ગદર્શન અને ચેતવણીઓ બતાવે છે.

સાચું કહું તો, દરેકનું ભવિષ્ય હંમેશા તેમના પોતાના હાથમાં જ હોય છે. કોઈપણ તમારું ભવિષ્ય નક્કી કરી શકતું નથી.

ટેરો તમારા ફ્રેન્ડથી પણ વિશેષ છે. તે તમને એ જોવામાં મદદ કરે છે જેને તમે અવગણી રહ્યા છો, જે તમે જોઈ જ નથી શકતા અને તમારા સારા માટે આગળ કયુ પગલું લેવું. તેના માટે સ્પષ્ટ અને સારા નિર્ણયો લેવામાં માર્ગદર્શન આપે છે.

જ્યારે આપણે ટેરો શબ્દ સાંભળીએ છીએ, ત્યારે આપણને એવું લાગે છે કે કાર્ડસનો એક રહસ્યમય ઢગલો છે જે ભવિષ્યની ઝાંખી કરાવીને જાદુ કરી દેશે. પણ કાર્ડ સાથેનો મારો સાચો અનુભવ એ છે કે ટેરો આ છબી કરતાં ઘણું ઘણું વધારે ઊંડુ છે.

હું દિલથી માનું છું કે સૌથી શક્તિશાળી જવાબો હંમેશા તમારા પોતાના અંદરથી જ આવે છે. ટેરો એ માત્ર એક સુંદર, દિવ્ય સાધન છે જે તમને તમારા પોતાના અંતરના અવાજ સાથે જોડે છે અને તમને તમારી સાચી દિશા શોધવામાં મદદ કરે છે.



તો, ટેરો રીડિંગ કેવી રીતે કામ કરે છે ?

મુખ્યત્વે હું બે પ્રકારના રીડિંગ આપું છું.

**૧. પ્રશ્ન રીડિંગ (Question Reading) :** જ્યારે તમારા મનમાં પ્રેમ, કરિયર, પૈસા કે જીવન વિશે કોઈ ચોક્કસ પ્રશ્ન હોય, હું હંમેશા મારા ક્લાયન્ટને કહું છું, ટેરો ફક્ત હા કે ના માટે નથી, તે ઊંડા માર્ગદર્શન માટે છે.

**૨. ઓપન રીડિંગ (Open Reading) :** જ્યારે તમારી પાસે એક નિશ્ચિત પ્રશ્ન ન હોય અને તમે તમારા જીવનનું મોટું ચિત્ર સમજવા માંગતા હોવ. જ્યારે તમે એક નવું પ્રકરણ શરૂ કરી રહ્યા હોવ - જેમ કે નવો સંબંધ, નવી નોકરી, લગ્ન અથવા તમારા સ્વાસ્થ્ય, કરિયર અને જીવન માર્ગ પર સામાન્ય માર્ગદર્શન જોઈતું હોય, ત્યારે ઓપન રીડિંગ ખૂબ જ શક્તિશાળી સાબિત થાય છે.

ટેરો તમને આ બાબતો સ્પષ્ટ રીતે મદદ કરે છે.

**મૂંઝવણમાં સ્પષ્ટતા :** જ્યારે તમે બે વિકલ્પો વચ્ચે નિર્ણય ન લઈ શકતા હોવ.

**ભાવનાત્મક ઉપચાર :** સંબંધોમાં વારંવાર આવતી પેટર્નને સમજવા માટે.

**કરિયરની દિશા :** તમારી ઊર્જા કયા વ્યવસાયમાં વધુ વિકસશે તે જાણવા માટે.

**આધ્યાત્મિક જોડાણ :** તમારા પોતાના અંતર્જ્ઞાન સાથે ફરીથી જોડાવા માટે

મારી હંમેશા એક જ ઈચ્છા છે કે...

"મગજમાં સ્પષ્ટતા અને મનમાં શાંતિ હરહંમેશ સાથે રહે."

# ઓક્ટોબર ૨૦૨૬નો સેવાયજ્ઞ

| તારીખ | વિગત | સ્થળ | સહયોગ |
|---|---|---|---|
| ૧ ઓક્ટો. | શ્રાદ્ધ નિમિત્તે બાળકોને ભોજન | શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અનાથાશ્રમ | લા. જ્યોતિબેન પંચાલ |
| ૨ ઓક્ટો. | ચાર્ટર ડે સેલિબ્રેશન | ચીકુવાડી, પીંડારડા, ગાંધીનગર | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના અને કીયા મોટર્સ, રાધે ઈન્ફીનીટી, ગાંધીનગર |
| ૩ ઓક્ટો. | શ્રાદ્ધ નિમિત્તે ભોજન | રાહેલબા અશક્તાશ્રમ, મગોડી | લા. જાગૃતિ વ્યાસ (પ્રમુખ) |
| ૪ ઓક્ટો. | વિઝન : બીપી અને ડાયાબિટીસ કેમ્પ | પ્રાથમિક શાળા, પીંડારડા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૫ ઓક્ટો. | શ્રાદ્ધ નિમિત્તે ભોજન | કૈલાસધામ વૃધ્ધાશ્રમ, ગાંધીનગર | ઈલાબેન જોશી તથા જ્યોતિબેન પંચાલ |
| ૬ ઓક્ટો. | શ્રાદ્ધ નિમિત્તે ભોજન અને ૨ નંગ સીલીંગ ફેનનું અનુદાન | સ્વામીશ્રી સચ્ચિદાનંદ આશ્રમ, કોબા | ઈલાબેન જોશી તથા જ્યોતિબેન પંચાલ |
| ૮ ઓક્ટો. | મેગા બ્લડ ડોનેશન કેમ્પ | કર્ણાવતી યુનિવર્સિટી, ઉવારસદ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના અને કર્ણાવતી યુનિવર્સિટી |
| ૮ ઓક્ટો. | શ્રાદ્ધ નિમિત્તે ખીચડીનું વિતરણ | યુનાઈટેડ ફિઝીયોથેરાપી સેન્ટર પાસે, સેક્ટર-૭ | નીતાબેન પંવાર |
| ૯ ઓક્ટો. | શ્રાદ્ધ નિમિત્તે ભોજન | આમ્રપાલી સંધ્યા કુટીર, પીંડારડા | ગાયત્રીબેન વણઝારા |
| ૧૦ ઓક્ટો. | શ્રાદ્ધ નિમિત્તે આશ્રમશાળાના બાળકોને ભોજન | નંદનવન આશ્રમ શાળા, સેક્ટર-૧૩ | ઈલાબેન જોશી તથા જ્યોતિબેન પંચાલ |
| ૧૦ ઓક્ટો. | શ્રાદ્ધ નિમિત્તે આશ્રમશાળાના બાળકોને ચીક્કીનું વિતરણ | નભોઈ આશ્રમશાળા, કોબા સર્કલ પાસે | ભાવનાબેન ધોરા અને સાધનાબેન વોરા |
| ૧૨ ઓક્ટો. | કુમારિકા પૂજન | સરગાસણ સરકારી પ્રાથમિક શાળા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૧૩ ઓક્ટો. | કીડ્સ આઈ ચેકઅપ કેમ્પ | કુડાસણ સરકારી પ્રા. શાળા અને સરગાસણ સરકારી પ્રા. શાળા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૧૫ ઓક્ટો. | કીડ્સ આઈ ચેકઅપ કેમ્પ | ફતેપુરા સરકારી પ્રા. શાળા અને પેથાપુર સરકારી પ્રા. શાળા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૧૭ ઓક્ટો. | લાયન્સ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-બી૩નો નવરાત્રી ગરબા મહોત્સવ | સ્થળ પછી જણાવવામાં આવશે. | ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-બી૩ |
| ૨૨ ઓક્ટો. | લાયન ક્વેસ્ટ ક્લાસનું ઉદ્‌ઘાટન | રેડિયન્ટ સ્કૂલ, સરગાસણ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૨૩ ઓક્ટો. | આંગણવાડીના બાળકોને પિત્ઝા પાર્ટી | સેક્ટર-૪ આંગણવાડી, સરકારી દવાખાનાની બાજુમાં | પ્રેસિડેન્ટ જાગૃતિ વ્યાસ (ગં.સ્વ. પુષ્પાવતી વ્યાસની પુણ્યતિથિ નિમિત્તે) |
| ૨૭ ઓક્ટો. | ઈ-વેસ્ટ કલેક્શન | નિસર્ગ સાયન્સ સેન્ટર, સેક્ટર-૨૩ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |

## Happy Birthday

| | | | |
|---|---|---|---|
| ૦૬ ઓક્ટો. | લા. ધારિણી દેસાઈ | ૧૮ ઓક્ટો. | લા. વૈશાલી જોશી |
| ૦૯ ઓક્ટો. | લા. પુનિતા પટેલ | ૨૧ ઓક્ટો. | લા. બીના ચોક્સી |
| ૦૯ ઓક્ટો. | લા. તેજલ દાણી | ૨૩ ઓક્ટો. | લા. માયા અગ્રવાલ |
| ૧૨ ઓક્ટો. | લા. જ્ઞાનદેવી ઉપાધ્યાય | ૨૩ ઓક્ટો. | લા. કાલિન્દી પરીખ |
| ૧૩ ઓક્ટો. | લા. મયુરી વ્યાસ | ૨૪ ઓક્ટો. | લા. અંજલી પુરોહિત |
| ૧૫ ઓક્ટો. | લા. હેમલતા પટેલ | ૨૮ ઓક્ટો. | લા. પિનાકીની સોલંકી |
| ૧૬ ઓક્ટો. | લા. પલ્લવી ગજ્જર | ૨૯ ઓક્ટો. | લા. પૂજા જોશી |
| ૧૭ ઓક્ટો. | લા. સ્વાતિ ગોર | ૩૦ ઓક્ટો. | લા. ચંદ્રિકા ખટવાણી |

## Happy Anniversary

| | |
|---|---|
| ૧૮ ઓક્ટો. | લા. કવિતા બક્ષી |

UNLESH YOUR POTENTIAL

**Our District Website**

https://lionsdistrict3232b3.org

Download & Install
**The District 3232-B3**
Mobile Application From The Following Link

Google Play Store Link :
https://play.google.com/store/apps/details?id=com.eryushion.lionsdistrict3232b3

Apple App Store Link :
https://apps.apple.com/us/app/district-3232b3/id1525068403

Scan to follow us :